જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૯૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તથા ૩૦૮ ગ્રામ ગાંજો કબજે લીધો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૭૯૭/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૯૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-    સમાચાર યાદી નં.૬૦૦/૧૭

**વાડજઃ** ભાવેશ ચેલાભાઈ પંચાલ (ઉ.વ.૩૦) (રહે. અક્ષરધામ સોસાયટી માધવબાગ સામે નવાવાડજ) એ તા.૨૨/૩/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૦/૨૦૧૬ થી તા.૨૩/૧૦/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઈલેક્ટ્રીક નિકસ કેબલર્સ લી. ૩૩ રૂટ લોમ્બડ એવન્યુ હાઈવાઈકોની એચ.પી.અને (૨) ક્રિસ્ટલ લાઈન લોજીસ્ટ્રકીસ દિલ્હી એ ભેગા મળી ભાવેશભાઈના મોબાઈલ ફોન ઉપર ફોન કરી મોબાઈલ ફોન આપવાની વાત કરી ભાવેશભાઈ પંચાલ પાસેથી તેમના એસ.બી.આઈ.ખાતા નંબર (૧) ૩૪૬૩૧૯૬૬૫૪૩ (૨) ૩૪૫૨૩૩૨૭૮૯૪ (૩) ૨૦૩૩૬૭૧૮૭૭૧ માં કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ભરાવી મોબાઈલ ફોન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**રામોલઃ** કેદાર કૈલાસચંદ શર્મા (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ તા.૨૨/૩/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે-૧૨/૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હાર્દીકભાઇ રાજુભાઇ ઠક્કર (રહે. વાસણા ગામ) એ રામોલ ટોલ પ્લાઝા આર.એ.એફ કેમ્પની સામે “સહજાનંદ ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રા.લી.” ની “સહજાનંદ પ્રાઇડ” નામની સ્કીમ ચાલુ કરી કેદાર શર્મા અને સાહેદોને વિશ્વાસમાં લઇ કેદાર શર્મા પાસેથી રૂપિયા ૪,૬૫,૦૦૦/- મેળવી લઈ સહજાનંદ પ્રાઇડની સ્કીમનુ બાંધકામ ચાલુ નહી કરી સદર જમીન બીજાને વેચાણ આપી કેદાર શર્માને પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૦૧/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** મેહુલભાઇ બ્રીજેશકુમાર શાહ (રહે. પાશ્વનાથ ફ્લેટ ફતેહપુરા પાલડી) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૩/૧૭ કલાક ૦૦/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન હેબતપુર ઓઝો ડીઝાયર દુકાન નં-૧૦,૧૧ ઓફીસના પાછળના ભાગે બાથરુમની બારીના કાચ તોડી અજાણી પ્રવેશ કરી દુકાનમા પ્રવેશ કરી સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. અને રોકડ રૂપિયા ૨૭,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**ઈસનપુરઃ** અનુજભાઈ દેવેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે. ન્યુ અલકાપાર્ક સોસાયટી લોટ્સ હાઈસ્કુલની સામે ગાંધી ટ્રેડર્સની બાજુમા ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૩/૧૭ સાંજના ૭/૪૫ થી રાતના ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સેમસંગ કંપનીનો ગેલેક્સી J2 મોડેલનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૬૦૦૦/-અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એસ.ડી.રાતડા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૦૨/૧૭**

**બાપુનગરઃ** જશીબહેન વા/ઓ પ્રતાપભાઈ પટણી (ઉ.વ.૩૦) (રહે. રામકૃપાનગર વિભાગ-૨ મોહનનગર અરુણા સોસાયટી સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૩/૧૭ બપોરના ૪/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન મેમ્કો ચાર રસ્તાથી બાપુનગર ચાર રસ્તા રિક્ષામાં મુસાફરી દરમ્યાન અજાણી બે સ્ત્રીઓએ જશીબહેનની નજર ચુકવી જશીબહેન પાસેની થેલીને ચીરો મારી થેલીમાંથી રોકડ રૂપિયા ૨૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ વશરામભાઇ ચલાવે છે.

**નિકોલઃ** દર્શનભાઇ બલદેવભાઇ ઠક્કર (ઉ.વ.૩૫) (રહે. સાનીધ્યપાર્ક હોમ્સ ગાર્ડન રેસીડેન્સી પાછળ સાઉથ બોપલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૩/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે વિરાટનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે દર્શનભાઇ ઠક્કરની નજર ચુકવી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં જરૂરી દસ્તાવેજ અને ૨૫,૦૦૦/- રોકડ રૂપિયાની મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ શ્રી સુરવિરસિંહ સ્વરૂપસિંહ ચલાવે છે.

**થેલો ઝુટવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૬૦૩/૧૭**

**પાલડીઃ** જગમોહનસિંહ ઝરગદસિંહ ચૌહાણ (ઉ.વ.૬૦) (રહે. શુભલક્ષ્મી રો હાઉસ આઝદનગર નવી ફતેવાડી સરખેજ ધોળકા રોડ) તા.૨૧/૩/૧૭ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પાલડી ઇન્દોર ચાટની સામેથી પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ જગમોહનસિહના મોટર સાયકલને ટક્કર મારી નીચે પાડી મોટર સાયકલના હુકમાં ભરાવેલ થેલો લઈ નાસી ગયા હતા. જે થેલામાં વિવો કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ જગમોહનસિહ ચૌહાણે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.સિંધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાની ચેઈન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૬૦૪/૧૭**

**સોલા હાઈકોર્ટ:** ગૌરીબહેન બાવલસિહ ખેર (રહે. સોલા સરકારી વસાહત સોલા સિવિલની બાજુમા સોલા) તા.૨૨/૩/૧૭ સાંજના ૭/૧૦ વાગ્યાના સુમારે સોલા ભાગવત વિધ્યાપીઠ માંગલ્ય વાટીકા પાર્ટી પ્લોટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો ગૌરીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૧,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગૌરીબહેન ખેર એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**આનંદનગર:** શાંતિબહેન વા/ઓ કૈરાડીલાલ શાહ (ઉ.વ.૭૦) (રહે. ધનંજય ટાવર ૧૦૦ ફુટ રોડ આનંદનગર) તા.૨૨/૩/૧૭ કલાક ૭/૪૫ વાગ્યા દરમ્યાન ધનંજય ટાવરના પાછળ દરવાજા નજીકથી શાંતિબહેન પસાર થઈ રહ્યા હતા ત્યારે (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) બે પુરૂષો શાંતિબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતિબહેન શાહે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો. શ્રી રઝાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**એ.સી. રીપેર કરતા બીજા માળેથી પડી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૦૫/૧૭**

**આનંદનગર:** રમેશભાઈ મોહનભાઈ રાણા (ઉ.વ.૨૮) (રહે.ગોકુળપુરા ભીલવાસ રેડીયોમીર્ચી ટાવર સેટેલાઈટ) તા.૨૨/૩/૧૭ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે સેલ્બી હોસ્પીટલ પાસે ઈશાંત-૨ ફલેટના બીજા માળે એ-બ્લોકમાં એ.સી રીપેરીગનું કામ કરતા હતા ત્યારે બેલેન્સ ન રહેતા બીજા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સેલ્બી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીનેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૬૦૬/૧૭**

**રિવરફ્રન્ટ વેસ્ટ:** (૧) ઉમંગ કાંતીભાઇ મકવાણા (ઉ.વ.૨૨) (રહે. અમરાઇવાડી સ્વસ્તીક ચાર રસ્તા ચાંમુડાનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૩/૧૭ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા કોઈ પણ સમયે એલીસબ્રીજ પાસે સાબરમતી નદીમાં પશ્ચીમ છેડે વોક-વે નજીક પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ અ.હે.કો.શ્રી માલજીભાઇ ખેંગારભાઇ ચલાવે છે.

(૨) સંદિપકુમાર મૂળજીભાઇ પરમાર (ઉ.વ.૩૩) (રહે. હોજવાળી ચાલી રાયપુરા મીલ પાસે રખીયાલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૩/૧૭ કલાક ૧૦/૪૪ વાગ્યા પહેલાના કોઈ પણ સમયે એલીસબ્રીજ પાસે સાબરમતી નદીમાં પશ્ચીમ છેડે વોક-વે નજીક પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ અ.હે.કો.શ્રી માલજીભાઇ ખેંગારભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડાઃ** આરતીબેન વા/ઓ ભરતભાઇ ઠાકોર (ઉ.વ.૨૨) (રહે. શાહીબાગ ગાંધી વિધાલય) એ સાસરી પક્ષ તરફથી છૂટાછેડાની વાત કરતા મનમાં લાગી આવતા તા.૨૨/૩/૧૭ સવારના ૧૧/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ગેલેક્ષી રોડ પરિશ્રમનગરની નવી ચાલી ખાતે પિતાના ઘરે છતની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનરશ્રી 'જી' ડીવીઝન ચલાવે છે.

**દાણીલીમડાઃ** રંજનબહેન વા/ઓ સુરેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. સુર્યનગર સોસાયટી વિભાગ-૨ સુએજ ફાર્મ રોડ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૩/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**આનંદનગરઃ** ગંગાબહેન વા/ઓ નથુભાઈ ભરવાડ (ઉ.વ.૩૫) (રહે. સઈસુથારની વાડી સામે કાચા છપરા, કોર્પોરેટ રોડ સ્કાઈલટ બિલ્ડીંગની સામે સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૨૧/૩/૧૭ રાતના ૨૧/૦૦ થી તા.૨૨/૩/૧૭ કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન રોપડા તળાવમાં પડી આત્મહત્યા કરી હતી. જે અસ્થિર મગજના હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જોરસિંહ અમરસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)